જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૮/૦૨/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટઃ- સમાચાર યાદી નં.૩૭૦/૨૦૨૩

**નિકોલઃ** કોદરભાઇ સ/ઓ ઓથાજી ઠાકોર (ઉ.વ.૫૩) (રહે. શંકરપુરા બિહોલાની વાડીની બાજુમાં નિકોલ ગામ નિકોલ) તા.૨૭/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે નિકોલ લીલાનગર નેશનલ હાઇવેની બાજુમાં સર્વિસ રોડ પર આવેલ અંજલી સાબુની દુકાન આગળ ઉભા હતા ત્યારે એક સ્પોર્ટ મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ કોદરભાઇ ઠાકોરને ચપ્પુ બતાવી ગળામાંથી સોનાનુ પેડલ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કોદરભાઇ ઠાકોરે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**પર્સ ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૩૭૧/૨૦૨૩**

**રામોલઃ** દિલીપસિંહ પવનસિંહ રાઓલ (ઉ.વ.૫૪) (રહે. જગરન્નાથપુરી ફલેટ ઇન્દ્રપ્રસ્થ સોસાયટીની બાજુમાં નિકોલ-ઓઢવ રોડ નિકોલ) તા.૨૪/૦૨/૨૦૨૩ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાની પુત્રી સાથે રિક્ષામાં બેસી રાજેન્દ્રપાર્ક બ્રીજ નીચે હરભોળાપાર્ક સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ દિલીપસિહ રાઓલની પુત્રીના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયો હતો. જે પર્સમાં સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૬,૫૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ દિલીપસિહ રાઓલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૨/૨૦૨૩**

**ઓઢવઃ (૧)** જયશ્રીબહેન વા/ઓ સુરેશભાઇ પટેલ (ઉ.વ.૫૦) (રહે. યુવરાજપાર્ક પરાગ સ્કુલની બાજુમાં કઠવાડા રોડ નવા નરોડા) તા.૨૬/૦૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નિકોલ કઠવાડા ચોકડીથી અંદર કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નં-૫ તરફ બિ.એન.એસ્ટેટ સાઇટ ઓફીસ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જયશ્રીબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

**ઓઢવઃ (૨)** જ્યોત્સનાબહેન વા/ઓ બાબુલાલ પંચાલ (ઉ.વ.૫૪) (રહે. ખોડીયાર પાર્ક સોસાયટી નવરંગ સ્કુલ પાસે અંબિકાનગર ઓઢવ) તા.૨૭/૦૨/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે સરનામુ પુછવાના બહાને એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ જયોત્સનાબહેન પંચાલના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયોત્સનાબહેન પંચાલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૭૩/૨૦૨૩**

**માધવપુરાઃ** નરેશ ઉર્ફે પિંટુ સ/ઓ દશરથભાઈ સોલંકી (ઉ.વ.૩૭) (રહે. રામદેવપુરાની ચાલી મહેશ્વરી મીલની બાજુમાં માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૩ સવારના ૬/૩૦ થી કલાક ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રગ્નેશકુમાર દશરથલાલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કલ્પેશભાઇ દિલીપભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. શાંતિસાગરની ચાલી લક્ષ્મીનગર પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** દીપેશ આત્મારામ રામાનુજ (ઉ.વ.૨૩) (રહે. શ્રી પાર્વતી સોસાયટી ગોપી ડેરીની બાજુમા મહાદેવનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે શાયોના પેરેડાઈઝ રીંગરોડ ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ સુકાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** રાજુભાઈ રામુભાઈ યાદવ (ઉ.વ.૫૩) (રહે. ઇન્દિરા ગરીબનગરનાં છાપરાં બ્લોક નં.૬૩૯ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**ખોખરાઃ** ભુમીબહેન ડૉ/ઓ પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે.ઝાલાવાડી પટેલ સોસાયટી ક્રિષ્ણા બંગ્લોઝની બાજુમા કેનાલ રોડ જશોદાનગર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને નીકોલ કોઠિયા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૨/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**રામોલઃ** સંજયભાઇ પરસોતમભાઇ કુકડીયા (ઉ.વ.૪૫) (રહે. ઇશ્વરલીલાપાર્ક સોસાયટી જામફળવાડી રામોલ) એ બીમારીથી કંટાળી તા.૨૭/૦૨/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી